SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# લોકસાહિત્યનું જતન અને સંરક્ષણ:એક અભ્યાસ

ડૉ. રીમા ભાવસાર
આસિસ્ટન્ટ પ્રોફેસર - શ્રી મારુતિવિદ્યા મંદિર ગ્રુપ ઓફ કોલેજીસ, ભાવનગર.

*લોકસાહિત્ય કોઈપણ સમાજની આત્મા સમાન છે અને લોકસાહિત્ય કોઈપણ સમાજની સંસ્કૃતિ, પરંપરા અને જીવનમૂલ્યોનું જીવંત પ્રતિબિંબ છે. તે માત્ર કથાઓ, ગીતો કે લોકપ્રચલિત કહેવતોનો સંગ્રહ નથી;પરંતુ એક સમૂહની જીવનશૈલી, મૂલ્યો, પરંપરાઓ અને ઐતિહાસિક સ્મૃતિનો જીવંત દસ્તાવેજ છે. ગુજરાતમાં લોકસાહિત્યનું વૈભવ વિશેષ સમૃદ્ધ છે. ઝવેરચંદ મેઘાણી જેવા લોકસાહિત્યકારોએ ગામડાઓમાં ફરીને લોકગીતો, વીરગાથાઓ અને વાર્તાઓ એકત્રિત કરી તેને લેખિત સ્વરૂપ આપ્યું, જેના કારણે ઘણી મૌખિક પરંપરાઓ લુપ્ત થવાથી બચી શકી છે.મૌખિક પરંપરાઓમાં લોકકથાઓ, લોકગીતો, ભજન, ભવાઈ, દુહા, કહેવતો અને લોકગાથાઓનો સમાવેશ થાય છે. પહેલાંના સમયમાં લોકો પાસે લેખિત માધ્યમની સુવિધા ઓછી હોવાથી જ્ઞાન અને સંસ્કૃતિ મૌખિક રીતે પેઢીથી પેઢી સુધી પહોંચતી હતી. દાદા-દાદી બાળકોને વાર્તાઓ કહેતા, ખેડૂત કામ કરતાં ગીતો ગાતા અને સમાજમાં ઉજવાતા તહેવારો દ્વારા પરંપરાઓ જીવંત રાખવામાં આવતી; પરંતુ આધુનિકતા, નગરિકરણ અને ટેકનોલોજીના પ્રભાવથી આ પરંપરાઓ ધીમે ધીમે લુપ્ત થવાની અણીપરઆવી છે.આ પરિસ્થિતિમાં લોકસાહિત્યનું સંરક્ષણ અત્યંત આવશ્યક બની ગયું છે. સંરક્ષણનો અર્થ માત્ર લખાણરૂપે સંગ્રહ કરવો નહીં;પરંતુ તેને જીવંત રાખવાનો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં લોકસાહિત્યનો સમાવેશ કરવો, લોકકલા મહોત્સવોનું આયોજન કરવું અને વરિષ્ઠ નાગરિકોના સ્મૃતિસંગ્રહનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. આજના ડિજિટલ યુગમાં ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ, ડિજિટલ યુગમાં ઇ-લાઇબ્રેરી, વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા લોકસાહિત્યને વિશ્વવ્યાપી પહોંચ આપી શકાય છે.સમકાલીન સમયમાં લોકસાહિત્યની સુસંગતતા પણ નોંધપાત્ર છે. લોકકથાઓમાં રહેલા નૈતિક મૂલ્યો, સહકાર, પર્યાવરણ પ્રત્યેનો આદર અને સામૂહિક જીવનની ભાવના આજે પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, દુલા ભાયા કાગના ભજનોમાં માનવતા, ભક્તિ અને સામાજિક સંદેશનો સમન્વય જોવા મળે છે, જે આજના સમાજ માટે માર્ગદર્શક બની શકે છે. લોકગીતો અને ગાથાઓમાં સ્ત્રીશક્તિ, વીરતા અને ત્યાગની પ્રેરણા સમાયેલ છે, જે યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અનુભવાડે છે.આધુનિક સાહિત્ય, ફિલ્મો અને નાટકોમાં પણ લોકસાહિત્યના તત્વોનો વ્યાપક ઉપયોગ થાય છે અનેક લેખકો અને કલાકારો લોકવાર્તાઓમાંથી પ્રેરણા લઈને નવી રચનાઓ સર્જે છે, જેના કારણે પરંપરા અને આધુનિકતા વચ્ચે એક સેતુ બંધાય છે. આ રીતે લોકસાહિત્ય માત્ર ભૂતકાળનો અવશેષ નથી, પરંતુ વર્તમાન અને ભવિષ્ય માટે પ્રેરણાસ્ત્રોત છે.*

*કી વર્ડ:- મૂલ્યો, જતન, દસ્તાવેજ, સેતુ,પરંપરા*

લોક એટલે સમાન પરંપરા ધરાવતો નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્રમાં નિવાસ કરતો માનવસમૂહ. સામાન્ય રીતે તો એમાં ગ્રામીણ એવા અલ્પશિક્ષિત જનસમાજનો એકમ – એવો અર્થ લેવામાં આવે છે; પરંતુ લોકવિદ્યા(folklore)માં જેનો સમાવેશ થાય છે તે લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્રકલા, લોકકસબ, લોકમાન્યતા વગેરેમાં 'લોક' શબ્દ અંગ્રેજી Folkનો સ્વીકૃત એવો ગુજરાતી પર્યાય છે અને એની વિભાવના પણ નિશ્ચિત છે.લોકવિદ્યાનાં વિવિધ અંગોમાં 'લોક' પારિભાષિક અર્થમાં પ્રયોજાતો રહ્યો છે, પરંતુ એની વિભાવના પણ બદલાતી રહી છે. ભારતમાં પ્રાચીનકાળથી જ 'લોક' શબ્દ પ્રયોજાતો રહ્યો છે. જર્મન ભાષાનો, 'વોક' (volk), અંગ્રેજી ભાષાનો 'ફોક' (folk) અને ભારતીય સંસ્કૃતજન્ય ભાષાઓનો 'લોક' – ત્રણેય ભારત-યુરોપીય ભાષાનાં સમાન એવાં કુળ અને મૂળના શબ્દ છે. લોક અને 'લૂક' (look) એટલે કે જોવું પણ એક જ ભાષાકુળના શબ્દો છે. સંસ્કૃત 'લોક'માં જે પોતે જુએ છે અને જે પોતે જ જોઈ શકાય છે એ બંને અર્થ સમાયેલા છે. 'આલોક' અને 'પરલોક'માં પણ જે દશ્યમાન છે એવો વસવાટનો પ્રદેશ અને પ્રત્યક્ષ રૂપે દશ્યમાન નથી એવો પ્રદેશ – એવા બે અર્થ જોઈ શકાય છે.આધુનિક મત પ્રમાણે 'લોક' એટલે 'જેમની જીવનને જોવા-

જાણવા-માણવાની દૃષ્ટિ સમાન છે એવો સામાજિક એકમ અને એનો સમૂહ.' આવા સમૂહમાં તેમની પરંપરાઓ સમાન હોય છે અને તેમની લોકવિદ્યાનાં વિવિધ અંગોમાં જ તેમની તળસંસ્કૃતિ પ્રગટ થતી હોય છે. સામાજિક પરંપરા, વસ્ત્ર, આભૂષણ, ખાનપાન, ઉત્સવ, નિવાસ, રાચરચીલું, કથાવાર્તા, ગીત, નૃત્ય, મેળા – આવી અનેક બાબતોમાં તેમની એકસમાન એવા સામાજિક એકમ તરીકેની ઓળખ પ્રગટ થાય છે.

અધુનાતમ લોકવિદ્યાવિદોની દૃષ્ટિએ તો શહેરના સુશિક્ષિત એવા બૌદ્ધિક વર્ગનો સમાવેશ પણ 'લોક'માં થાય છે. આમ સ્વીકારવાનું મુખ્ય તાત્વિક કારણ એ છે કે વિજ્ઞાન અને ટેક્નૉલોજીના વિકાસ પછી પણ, શિક્ષણ અને બૌદ્ધિકતાનું સ્તર વિકસિત બન્યા પછી પણ, લોકવિદ્યા-folklore-નું એક લોકવિદ્યાકીય સાંસ્કૃતિક પ્રક્રિયા – As a folkloric cultural process તરીકેનું અસ્તિત્વ લુપ્ત થતું નથી. માત્ર એનું સ્વરૂપ અને પ્રકારો જ બદલાય છે. આથી આધુનિક સમાજના સુશિક્ષિત અને બૌદ્ધિક વર્ગમાં પણ નિશ્ચિત પરંપરાઓ ધરાવતો અને પોતાની આગવી ઓળખ ઊભી કરતો સામાજિક એકમ છે અને તેમને તેમની આગવી લોકતાત્વિક સાંસ્કૃતિક ઓળખ પણ છે. આ વર્ગની લોકવિદ્યાનું સાહિત્ય કંઠ-પરંપરા ઉપરાંત લિખિત પરંપરાનું પણ હોઈ શકે છે. આમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ, વકીલ-ડૉક્ટર-ઇજનેર-વેપારી જેવા વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે. અમેરિકન ફોકલોરિસ્ટ આવા આધુનિક લોકવર્ગનો નિર્દેશ કરતાં જણાવે છે કે 'લોક'નો અર્થ ગ્રામીણ પરંપરાગત લોકસમૂહ પૂરતો મર્યાદિત રહેતો નથી. પરંતુ એમાં કોઈ પણ એકમ, જેની સ્પષ્ટ અને પ્રગટ એવી સમાન પરંપરા અને ઓળખ છે, તેનો પણ સમાવેશ થાય છે.વાણી, પદાર્થ કે માન્યતા આદિને આધારે બંધાયેલાં જાતિગત પરંપરાઓનાં રૂપ, વ્યક્તિગત, કૌટુંબિક અને જાતિગત જીવનને આગળ વધારવામાં નિમિત્ત થઈ સતત પ્રસાર-પ્રચાર પામતાં રહે છે.આ દૃષ્ટિએ લોકવિદ્યાના મુખ્ય ત્રણ પ્રકારો છે : (1) શબ્દ અને સ્વરના માધ્યમે આકાર લેતી લોકવિદ્યા, (2) કોઈ વસ્તુ કે પદાર્થ રૂપે સિદ્ધ થતી લોકવિદ્યા, (3) માન્યતા કે ધારણા રૂપે મુખ્ય ચાલક બનતી લોકવિદ્યા.

શબ્દ અને સ્વર સાથે સંબંધ ધરાવતી જે લોકવિદ્યાઓ સિદ્ધ થઈ તેમાં લોકસાહિત્ય અને લોકસંગીત મુખ્ય છે. એની સાથે જ શરીર-માધ્યમે લોકનૃત્ય અને લોકનાટ્ય સિદ્ધ થયાં.વસ્તુ કે પદાર્થ દ્વારા જેને રૂપ કે આકાર મળ્યાં છે તેવી લોકવિદ્યાઓમાં લોકચિત્ર, લોકશિલ્પ, લોકસ્થાપત્ય ઉપરાંત જેમાં ધાતુનિર્માણ, પાત્રનિર્માણ, રંગકલા વગેરેનો તથા ભરતગૂંથણ, લીંપણ, વસ્ત્રાભૂષણ નિર્માણ વગેરેનો સમાવેશ થાય છે – તેવી સર્વ લોકકળાઓ.માન્યતા, ધારણા અને અનુભવ એવાં તથ્યો છે, જેમનો સંબંધ ઉપરની બંને પ્રકારની લોકવિદ્યાઓ સાથે છે. વળી એ માન્યતા-ધારણા ને અનુભવોમાંથી માનવીનાં તથા પશુઓનાં દર્દોને જાણીને તેમનો ઉપચાર કરવાની અને આરોગ્યપ્રદ ઔષધો તૈયાર કરવાની પરંપરા જન્મી. ગર્ભાધાન, જન્મ, વિવાહ, લગ્ન, અંત્યેદૃષ્ટિ વગેરેનાં વિધિવિધાન અને તે સાથે જોડાયેલાં ગીતો, સૂટકા કે ટુચકા – મેશ આંજવી, ખિસ્સામાં કે પાઘમાં ખીલી, ઘોડાની નાળ જેવા વર્મરૂપ પદાર્થો રાખવા જેવા વિવિધ ઉપચારો અને નિશ્ચિત પદ્ધતિ અને ધાટીના રીતરિવાજ, ચાલ વગેરે જન્મ્યાં.

લોકવિદ્યાનું ક્ષેત્ર વિશાળ અને વ્યાપક છે. એનું કારણ સમગ્ર જીવનને વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક રીતે જોડવાના અને પારસ્પરિક રૂપમાં ટકવા અને ટકાવવાના માનવીય અભિગમનું એ પરિણામ છે. આદિમકાળથી માણસે જે અનુભવો મેળવ્યા અને એનો આધાર લઈને જીવનની વ્યવસ્થા ગોઠવી એમાંથી લોકવિદ્યાઓ જન્મી અને સિદ્ધ થઈ. સામાજિક બનતા માણસને અન્ય માનવીઓ સાથે અને પ્રકૃતિ સાથે પણ અનુકૂલન સાધવું પડે છે. આમાં સભ્યતાથી માંડીને સંસ્કૃતિ સુધીના વિકાસમાં લોકવિદ્યાઓ સહાયક બની છે. માણસ શાખા પરના વૃક્ષસ્થિત નિવાસ કે ગુફા-કંદરાના નિવાસ છોડીને પોતાના નિવાસ પોતે બનાવતો થયો, પોતાનો ખોરાક પોતે મેળવતો થયો અને પારસ્પરિક જરૂરત અને રક્ષણ માટે કુટુંબમાં, ટોળીમાં, ગામમાં અને શહેરોમાં વસતો થયો. એ વિકાસપંથની મથામણો અને અંતે મળતી સિદ્ધિઓને કારણે તેને નિવાસ, અગ્નિ, ખોરાક, વસ્ત્ર, પાલિત પશુઓ, યંત્ર વગેરે મળ્યાં. આ બધું મેળવતાં જે કંઈ તારણ રૂપે જાણ્યું, જે કંઈ કુનેહ-કસબ-કલ્પના-ધારણા વગેરે અવગત થયાં એમાંથી જ વિવિધ પ્રકારની લોકવિદ્યાઓ સિદ્ધ થઈ.

લોકવિદ્યામાં (1) લોકસાહિત્ય, (2) લોકસંગીત, (3) લોકનૃત્ય, (4) લોકનાટ્ય, (5) લોકચિત્ર, (6) લોકશિલ્પ, (7) લોકસ્થાપત્ય, (8) લોકકલા, (9) લોકકસબ અને (10) લોકમાન્યતા મુખ્ય છે.

લોકસાહિત્ય એટલે 'લોકો દ્વારા, લોકો માટે અને લોકો વડે' રચાયેલું મૌખિક સાહિત્ય. અંગ્રેજીમાં તેને 'Folklore'કહેવામાં આવે છે. મહાત્મા ગાંધીએ લોકસાહિત્યને 'લોકજીવનનું અમૃત'ગણાવ્યું છે, તો ઝવેરચંદ મેઘાણીએ તેને 'ધરતીનું ધાવણ'કહીને નવાજ્યું છે. આ સાહિત્ય કોઈ એક વ્યક્તિની કૃતિ નથી હોતી, પરંતુ સદીઓથી જનસમુદાયના કંઠે સચવાયેલી પરંપરા છે. વર્તમાન સમયમાં જ્યારે આધુનિકતા અને પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ વધી રહ્યું છે, ત્યારે આપણી આ મૌલિક વિરાસતનું જતન કરવું એ અનિવાર્ય બની ગયું છે.લોકસાહિત્ય એ કોઈએક વ્યક્તિની સર્જન-ક્ષમતા નથી;પરંતુ સમુદાયની સામૂહિક સ્મૃતિ, અનુભવ અને કલ્પનાનું સ્વરૂપ છે. તે મુખ્યત્વે મૌખિક રૂપે પેઢી દર પેઢી પ્રસારિત થાય છે. ગુજરાતી લોકસાહિત્યમાં ગરબા-ગીતો, ડાંગી-ગીતો, ભવાઈનાવેશ, ચરણ-કાવ્યો,

પ્રેમ-કથાઓ, દયારામના દુહા, આખ્યાનો, રાસ-ગરબા, ટીપ્પણી, હીર-રાણજ, ભીલ-રાજવંશીઓની કથાઓ, આદિવાસી લોકકથાઓ જેવા અનેક સ્વરૂપો સમાયેલા છે.આજના ડિજિટલ યુગઅને શહેરીકરણના યુગમાં મૌખિક પરંપરાઓ ઝડપથી લુપ્ત થઈ રહી છે. જેમાં મૌખિક પરંપરાઓને સૌથી જોખમી વર્ગમાં ગણવામાં આવે છે. ભારતમાં પણ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આદિવાસી ભાષાઓ અને તેમની સાથે જોડાયેલી લોકકથાઓ, ગીતો અને ધાર્મિક-સામાજિક વાર્તાઓ લુપ્ત થવાના આરે છે.સંરક્ષણનો અર્થ ફક્ત જૂનું બચાવવું નથી, પરંતુ તેને સમકાલીન સુસંગત બનાવીનેગુજરાતી લોકસાહિત્ય અત્યંત સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે. તેમાં મુખ્યત્વે નીચેના અંગોનો સમાવેશ થાય છે. લોકગીતોઃ હાલરડાંથી લઈને મરસિયા સુધી, લગ્નગીતોથી લઈને શ્રમગીતો સુધીના તમામ ભાવ લોકગીતોમાં વણાયેલા છે; લોકવાર્તાઓઃસૌરાષ્ટ્રની રસધાર, જેઠીબાઈની વાર્તા, બહારવટિયાઓની શૌર્યકથાઓ વગેરે; દુહા-છંદઃ ચારણી સાહિત્યની ઓળખ સમાન દુહાઓ જે જીવનનો નીચોડ આપે છે; લોકકળાઃ ભવાઈ, રાસ-ગરબા અને વિવિધ લોકનૃત્યો જે લોકસાહિત્યના જીવંત સ્વરૂપો છે.તેને જીવંત રાખવા અનિવાર્ય છે.

લોકસાહિત્યની રચનાઓને તેના પાઠને આધારે પણ 1. નિયત શબ્દરૂપ અને 2. અનિયત શબ્દરૂપમાં વિભક્ત કરવામાં આવે છે. આમાં કથ્ય અને ગેય બંનેનો સમાવેશ થાય છે. કથ્ય નિયત શબ્દરૂપમાં કહેવતોનો અને ગેય નિયત શબ્દરૂપમાં મંત્રો અને ઉખાણાંનો સમાવેશ થાય છે.

કથ્ય અનિયત શબ્દરૂપ રચનાઓમાં લોકકથા, લોકનાટ્ય, ઓઠાં કે ટુચકા, લૌકિક વ્યુત્પત્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. એમાં ઘટના અને ક્રમ નિશ્ચિત હોય છે. એ કયા શબ્દોમાં મૂકવાં તે કથન કરનારનાં સૂઝ-શક્તિ અને કથન માટેના હેતુ અને સમય પર આધાર રાખે છે. આ પ્રકારોમાં પાઠ શાબ્દિક રીતે નિયત હોતો નથી પરંતુ યાદ આવે તેમ કહેવાતો (remembered) હોય છે. નિયત પાઠને યાદ રાખેલો પાઠ (memorized) કહેવામાં આવે છે.ગેય અનિયત શબ્દરૂપ રચનાઓમાં લોકગીત, કથાગીત, રાસડા, લોકમહાકાવ્ય વગેરેનો સમાવે◌ેશ થાય છે. લોકગીતમાં મુખ્ય માળખું નિશ્ચિત હોય છે ને એમાં સ્થળકાળ, પ્રસંગ, પ્રદેશ, જાતિજ્ઞાતિ વગેરે પ્રમાણે શબ્દપરિવર્તનો અને પાઠફેરો થાય છે. વળી કથાગીત અને ગીતકથામાં પણ પદ્યનો પાઠ નિશ્ચિત જેવો હોય છે, પરંતુ જે તે પ્રસંગ અને સમયને અનરૂપ બનાવાતાં એનું સ્વરૂપ પણ અનિયત શબ્દરૂપ જેવું બની રહે છે. મંત્રોમાં અને વરત-ઉખાણાંમાં શબ્દો અને પાઠ સ્થિરઅફર અને નિશ્ચિત હોય છે.

લોકગીતનો જીવનચક્ર અને ઋતુચક્ર સાથે – લોકજીવન સાથે પ્રત્યક્ષ સંબંધ હોય છે. જીવનચક્ર સાથે સંકળાયેલાં લોકગીતોમાં સીમંત, છઠ્ઠી, જનોઈ, વિવાહ, લગ્ન વગેરેનાં સંસ્કારગીતોનો સમાવેશ થાય છે. કેટલાંક લોકગીતો એવાં છે, જેનો પ્રત્યક્ષ સંબંધ વ્યક્તિજીવનના સંસ્કારવિધિ સાથે નથી, પરંતુ વયના તબક્કા સાથે હોય છે. હાલરડાં, જોડકણાં, વરતઉખાણાં, રમત-ગમતગીતો, કિશોરોની લગ્નેચ્છા અને ભાવિ દામ્પત્યનાં સુખદુઃખનું નિરૂપણ કરતાં ખાયણાં, કોઈ ભાગેડુ લગ્નના પરિણામનો ભોગ બની દુઃખી બનેલી બાળાની વેદનાના રાસડા, પતિ-સાસુ-નણંદ જેવા સંબંધીઓના ત્રાસથી હારેલી-થાકેલી સ્ત્રીની વેદનાનાં ગીતો, પતિ પરદેશ જતો હોય કે પરદેશથી આવતો હોય તે સમયની ક્ષણ ઝડપીને ગવાતાં ગીતો, અવનવાં વસ્ત્રાભૂષણની અપેક્ષાઓ અને ઇચ્છાઓને વ્યક્ત કરતાં ગીતો : આવાં અનેક લોકગીતોનો સંબંધ સ્ત્રીજીવનની વયના નિશ્ચિત તબક્કા સાથે છે.

ઋતુચક્ર સાથે સંકળાયેલાં લોકગીતોમાં ઋતુગીતો મુખ્ય છે. એમાં વર્ષા, વસંત પર વિશેષ ગીતો અને પ્રકારો છે. નૃત્ય અને ગાનપ્રકાર પણ લોકગીત સાથે જ સંકળાય છે. ખાયણાં, કજરી, સાવની, દોલ-હિંદોલ, હોરી, ફાગ, રસિયા જેવા અનેક પ્રકારોમાં લોકગીત, નૃત્ય અને સંગીતનો ત્રિવેણીસંગમ છે. ભારતની ઉપશાસ્ત્રીય સંગીતની ધારાના અનેક પ્રકારો લોકગીતના આ પ્રકારમાંથી સિદ્ધ થયા છે.ઋતુચક્ર સાથે વ્રત-ઉત્સવ-પર્વાદિને સંબંધ છે. એ નિમિત્તે ગવાતાં લોકગીતોમાં ગોરમાનાં ગીતો, રાંદલનાં ગીતો, કુમારિકા અને પરિણીતાઓના રાસ, મેળાનાં ગીત, અગિયારસ વગેરે તિથિ અને તેનાં વ્રતનાં ગીતો; ધૂન, ભજન, થાળ, આરતી, અષ્ટક, વાર, બારમાસી વગેરેનો સમાવેશ થાય છે. લિખિત પરંપરાનાં સાહિત્યમાં જે વિવિધ કાવ્યસ્વરૂપો વિકસ્યાં તેનાં મૂળ લોકગીતની આ પરંપરામાં છે અને લિખિત સાહિત્યનાં સ્વરૂપોની અસર લોકગીતો પર પડી. સાહિત્ય અને લોકસાહિત્યનું પ્રદાન આ રીતે પારસ્પરિક હોય છે.

લોકગીતોને સાહજિક અને સીધો સંબંધ સ્ત્રીઓ અને સંસારજીવન સાથે છે. ગેયમાધુર્ય એનો પ્રાણ છે અને ક્રિયા અને નૃત્યની એમાં સંગત હોય છે. આથી લોકગીતના શબ્દો અને ગેય ઢાળમાં લયનું ચુસ્ત અને સાહજિક રૂપ બંધાયેલું જોવા મળે છે.લોકસંગીતનાં સર્વ-સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે : (1) લોકની પરંપરામાં જ જન્મેલું અને વિકસેલું સંગીત છે. (2) 'લોર' તરીકે એનો સંબંધ લોકજીવન સાથે પ્રત્યક્ષ અને પ્રગટ રૂપનો છે. (3) લોકજીવનનાં વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક અને ધાર્મિક પ્રકારના સંસ્કારવિધિ તેમજ ધાર્મિક ઉત્સવ-પર્વાદિ પ્રસંગે તથા રોજિંદા કે ઋતુગત જીવનવ્યવહારમાં અનાજ દળવા-ખાંડવા જેવાં વ્યક્તિગત

અથવા સડક બાંધવાનાં, મકાનનાં ધાબાં ભરવાનાં પ્લાસ્ટર-કરવાનાં, ભારે વજન ઊંચકવાનાં, મચ્છી પકડવાનાં, વહાણ-હોડીને હલેસાં મારવાનાં, એવાં વિવિધ પ્રકારનાં સામૂહિક શ્રમકાર્યો કરતાં જે ગીતો ગવાય છે તેની સાથે તે સંલગ્ન છે. સીમંત, નામકરણ, વિવાહ, ઉપવીત, લગ્ન, મૃત્યુ વગેરેના સંસ્કારવિધિઓમાં ગવાતાં ગીતો સાથે તે સંકળાયેલું હોઈ એ વિધિઓના જ ભાગ બની રહે છે. વળી વ્યક્તિજીવનના બાલ્યાવસ્થાથી આરંભાતા વયના વિવિધ તબક્કામાં હાલરડાં, રમતગમતગીત, વરત-ઉખાણાં, રાસ-ગરબા વગેરે સાથે તે જોડાયેલું હોય છે. (4) એનો સંબંધ લોકનૃત્ય સાથે પણ પ્રગટ કે પ્રત્યક્ષ રૂપનો છે. (5) 'લોર' રૂપે હોવાથી એનાં ગાન માટે ઔપચારિક તાલીમ, શિક્ષણ લેવાનું સામાન્ય રીતે અનિવાર્ય લેખાતું નથી. સહભાગી બની અનુકરણથી લોકસંગીતમાં ગાયક-વાદક જોડાઈ શકે છે. (6) કોઈને ખુશ કરીને શાબાશી કે પુરસ્કાર માટે થઈને લોકસંગીત હોતું નથી; તે તો નિજાનંદ માટે અને પ્રસંગ કે વિધિના ભાગ રૂપે જ રજૂ થતું હોય છે. (7) મૂળભૂત રૂપનું લોકસંગીત સર્વસામાન્ય એવા લોકવર્ગનું અંગ છે અને તે ઘરેઘરમાં ચાલે છે. આ એનું મૂળભૂત કે પૂર્વ કે તાત્વિક રૂપ છે. એને જ પછી પરિષ્કૃત રૂપમાં વ્યાવસાયિકો મનોરંજન માટે ઉપયોગમાં લે છે જે તેનું દ્વૈતીયીક રૂપ બને છે. આ બીજી ભૂમિકામાં લોકસંગીત તરીકેનું તેનું સ્વરૂપ પૂરું જળવાય છે, પરંતુ એ કલાકીય સંપ્રજ્ઞતા સાથે રજૂ થાય છે અને તે પ્રાસંગિક મનોરંજનના સાધનરૂપ બની રહે છે. (8) પ્રકૃતિ અને લોકસંસ્કૃતિ સાથે આ લોકસંગીતનો સીધો સંબંધ છે. વનવાસી અને ગ્રામીણ પરંપરામાં એનું સવિશેષ સ્થાન છે. પરંતુ નગરજીવનમાં પણ એ લુપ્ત કે અપ્રચલિત તો નથી જ. નાગરિક જીવન અને શિક્ષિત જીવનમાં એનું સ્વરૂપ થોડું બદલાય છે અને પ્રકૃતિ સાથેનો સીધો સંબંધ ઓછો થાય છે. નગરજીવનના 'લોર'માં એની મૂળ પરંપરામાં પ્રશિષ્ટ ધારાનું પણ બીજું નવું, વધારાનું અને કૃત્રિમ કલાતત્વ ઉમેરાય છે. નગરજીવનમાં પણ તે જનસામાન્ય દ્વારા વ્યાપકપણે ગવાય છે. તેનું સ્વરૂપ ભલે બદલાયેલું હોય પણ હોય છે તો લોકસંગીત જ. ક્યારેક આવા સંગીત પર નાટકના અને ફિલ્મના સંગીતની પણ અસર થાય છે. રેડિયો અને વિશેષ તો ટૅલિવિઝન જેવાં માધ્યમોની પણ પ્રબળ અસર તેના પર થાય છે. એકવીસમી સદીના લોકજીવનના લોરમાં વૈશ્વિકીકરણની અસર પણ પ્રબળતમ બની છે. અનેક રાષ્ટ્રો અને તેમની વિવિધ જાતિઓનાં લોકસંગીત અને પ્રશિષ્ટ સંગીત કાને પડે છે. જેમના સંસ્કારોની સાર્વત્રિક અસર થાય છે.

ગુજરાતના લોકનાટ્યમાં ભવાઈ મુખ્ય છે. ભવાઈ દ્વારા ગુજરાતી પ્રજાએ ઉનાળુ રાતોનું મનોરંજન માણ્યું તેમ સમાજની આંખ ઉઘાડવાનું અને સળગતી સમસ્યાઓથી પરિચિત થઈ સાવધ બનવાનું કાર્ય પણ કર્યું છે. ગુજરાતની લોકકલાના આ પ્રકારે ઐતિહાસિક દસ્તાવેજીકરણનું પણ કામ કર્યું છે. કંઠપરંપરાનો ઇતિહાસ (oral history) દરેક જાતિની લોકવિદ્યાનું સમર્થ અને સબળ અંગ છે. આ નિમિત્તે જ ઇતિહાસની મોટી ઘટનાઓની સાથોસાથ અદના માનવીની નાનામાં નાની ઘટનાઓનું પણ આ કલામાધ્યમે દસ્તાવેજીકરણ થયું છે. 'મેનાં ગુજરી'ની કથા અને એનો વેશ આનું દૃષ્ટાંત છે. કલ્પનામૂલક અંશોના ઉપયોગે દંતકથાનું સ્વરૂપ લેતી આવી કૃતિઓ ઇતિહાસલેખે ઊણી ઊતરે છે, પરંતુ લોકવિદ્યાના અંગ તરીકે સમાજની સંપ્રજ્ઞતા જગાડવાનું એનું મૂલ્ય અલ્પ નથી. મુસ્લિમ આક્રમણ અને અમલના ગાળામાં નારીઓનાં અપહરણની ઘટનાઓ બની. કોઈ શીલવતી વીર નારીએ એનો વીરતાથી સામનો કર્યો, કાયર માતા-પિતા, પતિ-જેઠ-સસરા-દિયર અને ગ્રામજનોએ લાચારી દર્શાવી. મોચણ અને જમાદારની કથામાં છે તેમ, કોઈ મોહવશ નારી વિધર્મીના પ્રેમમાં પડીને સ્વ-ત્વ ગુમાવી બેઠી : આવી બધી જ ઘટનાઓનું ભારતના બધા જ પ્રદેશોમાં રાસડાગીત અને લોકનાટ્યોના સ્વાંગમાં રૂપાંતર થયું છે. 'મેનાં ગુજરી' આ પ્રકારનું ગુજરાતનું લોકગીત અને લોકનાટ્યે જાળવેલું મૂલ્યવાન મોતી છે.

સંગીત, નૃત્ય, નાટકની જેમ ચિત્ર, મૂર્તિ અને સ્થાપત્યમાં પણ ગુજરાતની લોકકલાઓ ધબકે છે. ચિત્ર, ભાષાની સિદ્ધિ પહેલાંની અને પછીની અદભુત એવી લોકવિદ્યાકીય સિદ્ધિ છે. માણસને હજુ જ્યારે ભાષા પણ સમર્થ રૂપમાં સિદ્ધ નહોતી થઈ ત્યારે ચિત્ર જ એના મનોગતને મૂર્ત કરવાનું, પોતાના ભાવ કે વિચારવસ્તુને વ્યક્ત કરવાનું માધ્યમ હતું. બોલીભાષા સિદ્ધ થયા પછી પણ જે કંઈ અનિર્વચનીય હતું તે માણસે ચિત્રના માધ્યમે સંક્રાન્ત કર્યું. વસ્તુ કે પદાર્થને એના ભૌતિક રૂપમાં મૂર્તિમંત કરવાનું સામર્થ્ય ચિત્રમાં છે. આથી જેણે જોયું નથી એને, જોયેલું છે એ, ચિત્ર દોરીને જોવડાવી શકે છે. અદષ્ટ છે તેને દષ્ટ બનાવે છે. જે વસ્તુ પોતે ભૌતિક પદાર્થરૂપ નથી; એક ભાવ, પ્રતીતિ, ધારણા કે ધ્યર્થ(idea)રૂપ છે અને એ રીતે 'અદશ્ય' છે તેને ચિત્ર દશ્ય બનાવે છે. આમ મનના જે ગૂઢાતિગૂઢ ભાવો છે, ધારણા કે ખયાલો છે, તે ચિત્રના માધ્યમે, ભાષાની ઉપલબ્ધિ પહેલાં અને પછી, વિશેષ અભિવ્યક્તિ પામ્યાં છે. લગભગ બધા જ ધર્મો અને પંથોમાં અમૂર્ત ખયાલો અને ધારણાઓ ચિત્રમાં આવ્યાં છે. એનાથી જ ચિત્તમાં રહેલી અમૂર્ત પુરાકથાઓ મૂર્ત બની છે. પુરાકથાનાં કલ્પનોને ઓળખી શકાય, ઓળખાવી શકાય એવાં મૂર્ત રૂપ મળ્યાં છે. દિવ્ય, ભવ્ય, અપાર્થિવ એવું જે રૂપ હતું અને પુરાકથાનો જે મુખ્ય આધાર કે પ્રાણ હતો એ બધું જ આદિમ કાળથી માનવી ચિત્રના માધ્યમે વ્યક્ત કર્યું. લોકચિત્રકલાનું આ આદિસ્વરૂપ. એમાંથી જ સૂર્ય, ચંદ્ર, તારા, સર્પ, વૃષભ વગેરે જે ભૌતિક રૂપમાં દશ્ય હતાં એનાં આલેખનો આવ્યાં તો ઇન્દ્ર, વરુણ, અગ્નિ, મરુત વગેરે જેવાં જે અભૌતિક અને અમૂર્ત હતાં એના પણ બાહ્ય આકાર નિશ્ચિત થયા અને ચિત્ર રૂપે આલેખાયા.

ચમત્કારપૂર્ણ વસ્તુનું પૂજન (fatishism), વનસ્પતિપૂજન, સૂર્યપૂજન, સર્પપૂજન, દૈત્યપૂજન, પિતૃપૂજન, પશુરૂપ પૂર્વજ એવા પિતૃનું પૂજન વગેરે પ્રકારોમાં ચિત્ર જ મનોગત સૂક્ષ્મ રૂપ કે ધ્યર્થની અભિવ્યક્તિ બની, વાચા બની. એ સાથે જ સંજ્ઞાત્મક અર્થ પણ ઉમેરાયા અને તંત્રની પણ અસર પડી અને નિશ્ચિત અંક, બિન્દુ, એની નિશ્ચિત સંખ્યા અને ગોઠવણનો ક્રમ, સ્વસ્તિક, શ્રી-શુભ-ૐ જેવા અક્ષરો, ત્રિકોણ-ચતુષ્કોણ જેવી આકૃતિઓ, દેવદેવીનાં વાહન અને ધ્વજ તથા મૂર્તિનાં ઓળખચિહ્ન જેવાં લાંછનો અસ્તિત્વમાં આવ્યાં. વિશ્વની બધી જ જાતિઓ અને તેમના વિવિધ ધર્મોમાં આ બધું જ પ્રયોજાયું અને તેમનાં લોકચિત્રોમાં ઊતરી આવ્યું. આમાં જે અંક કે પદાર્થ-વસ્તુ-વ્યક્તિ આદિનું આલેખન છે તે તો માત્ર એક આધાર છે, સંજ્ઞા કે પ્રતીક છે. લક્ષણ અને વ્યંજનાથી એ વિશેષ અર્થનું વહન કરે છે. ક્વચિત્ પોતાની આંતરશ્રદ્ધા અને ધર્મને ગૂઢ રીતે વ્યક્ત કરવામાં આવી લોકકલા વિશિષ્ટ અર્થવાહક સંજ્ઞાના ઘટક-motif રૂપે પ્રયોજાય છે. આરંભમાં પોતે ખ્રિસ્તી છે, એવું પ્રગટ કરવાનું જોખમી હતું ત્યારે માછલીનું ચિત્ર દોરીને આ વાત રજૂ કરાતી.

લોકકલા તળપદા લોકજીવનની સાથે પરંપરાથી જ પ્રવર્તમાન એવી સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર વગેરેની સાંસ્કૃતિક અભિવ્યક્તિ છે. એનું સ્વરૂપ લોકજીવનમાં જ પ્રગટ કે પ્રત્યક્ષ રૂપમાં જોવા મળે છે. આવી કલાઓ પ્રાદેશિક જાતિઓનાં જીવન અને જગત પ્રત્યેના અભિગમને પણ વ્યક્ત કરે છે. લુપ્ત થતી મૌખિક પરંપરાઓના મુખ્ય કારણો **શહેરીકરણ અને સ્થળાંતર**જેગામડાંઓમાંથી યુવાનો શહેરો તરફ સ્થળાંતર કરે છે. પરિણામે ગામમાં વૃદ્ધો પછી ગીત-કથા સાંભળનાર/ગાનાર કોઈ રહેતું નથી;**ભાષાકીય વિવિધતાનું હ્રાસ** જોવા મળે છે. તેમાંગુજરાતમાં ૨૦+ આદિવાસી ભાષાઓ છે, જેમાંથી અનેકમાં લિપિ નથી. બાળકો ગુજરાતી/હિન્દી/અંગ્રેજી શીખે છે, પોતાની માતૃભાષા ભૂલી જાય છે.મીડિયા અને ડિજિટલ મનોરંજનનો થતો વધુ પ્રયોગ. જુદા જુદા પ્લેટફોર્મ પર ટૂંકા વીડિયો અને પોપ-સંગીતના કારણે લાંબી મૌખિક કથાઓ સાંભળવાનો સમય અને રસ ઓછો થતો જાય છે.જે તે સમયના વડીલો પાસે જે માહિતી હતી, તે તેમની સાથે જ વિદાય લઈ રહી છે. જો તેનું યોગ્ય સમયે લેખન કે રેકોર્ડિંગ ન થાય તો તે કાયમ માટે નષ્ટ થઈ જાય છે.શાળાઓ અને યુનિવર્સિટીઓમાં લોકસાહિત્યના વિષયોને ફરજિયાત બનાવવા જોઈએ જેથી યુવાનોમાં તેની સમજ કેળવાય.લોકકથાઓ પરથી એનિમેશન ફિલ્મો કે નાટકો બનાવીને નવી પેઢીને રસપ્રદ રીતે રજૂ કરી શકાય.ભારતમાં લોકસાહિત્યનું જતન આર્થિક અને સામાજિક વિકાસ માટે પણ જરૂરી છે. તે પર્યાવરણીય જ્ઞાન, જેમ કે આદિવાસી ગીતોમાં પ્રકૃતિ સાથેના સંબંધો,ને સાચવે છે. યુનેસ્કો અને ભારત સરકારના પ્રયાસો આને માન્યતા આપે છે. ગુજરાતમાં લોકસાહિત્યનું જતન રાજ્યની અસ્મિતાને મજબૂત બનાવે છે અને પર્યટનને વેગ આપે છે. લોકસાહિત્યના જતનમાં અનેક પડકારો છે. લોકસાહિત્ય એ સમાજની સામૂહિક સ્મૃતિ અને આત્માનું પ્રતિબિંબ છે. તે કોઈ વ્યક્તિગત રચના નથી, પરંતુ પેઢી દર પેઢી મૌખિક પરંપરાથી વહેતું રહેતું જીવંત સાહિત્ય છે. ગુજરાતી લોકસાહિત્યમાં ગરબા, ડાંડિયા રાસ, હાલરડાં, લોકકથાઓ, ઉખાણાં, કહેવતો, ભવાઈ, ચરણ-બારોટી વાણી અને આદિવાસી ગીતો-કથાઓ જેવા તત્ત્વો સમાવિષ્ટ છે. આ તત્ત્વો લોકજીવનના સુખ-દુઃખ, સંસ્કાર, લાગણીઓ, વીરતા, વિરહ અને સામાજિક મૂલ્યોને વ્યક્ત કરે છે. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યને "ધરતીના ધાવણ" તરીકે વર્ણવ્યું છે, જે સાંસ્કૃતિક વારસો, પરંપરાગત જ્ઞાન અને ઐતિહાસિક સ્મૃતિઓને સાચવે છે. યુનેસ્કોએ ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે માન્યતા આપી છે, જે લોકસાહિત્ય અને લોકકલાના સંરક્ષણનું મહત્વ દર્શાવે છે.

દસ્તાવેજીકરણની પદ્ધતિઓ અને તકનીકો માટેઆધુનિક સંરક્ષણ કરવા દસ્તાવેજીકરણ અનિવાર્ય છે. વિવિધ મુખ્ય પદ્ધતિઓ છે.ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ જેમાંઉચ્ચ ગુણવત્તાવાળા માઇક્રોફોન અને 4K કેમેરા વડે રેકોર્ડિંગ. ગુજરાતમાં ગુજરાત લોકસાહિત્ય સંશોધન સંસ્થા, ગાંધીનગર; ICR, ભાવનગર; Tribal Research Institute વગેરે આ કામ કરે છે.મૌખિક રેકોર્ડિંગને લિપિમાં ઉતારવું. ગુજરાતી ઉપરાંત રોમન અને IPA (International Phonetic Alphabet)માં પણ લખવું જેથી ભાષાશાસ્ત્રીઓ ઉપયોગ કરી શકે.ડિજિટલ માધ્યમ વડે જેવા કે,Gujarat Digital Library ,National Digital Library of India (NDLI) ,Endangered Archives Programme (British Library), Wikimedia Commons / Wikisourceપર ગુજરાતી લોકસાહિત્ય અપલોડ કરવું જોઈએ.

ગુજરાતમાં લોકસાહિત્યના સંરક્ષણ માટે અનેક વિદ્વાનોએ પાયાનું કામ કર્યું છે.ઝવેરચંદ મેઘાણીઃ તેમણે 'કસુંબીનો રંગ'લાવીને ગામેગામ ફરીને લોકસાહિત્યનું એકત્રીકરણ કર્યું. 'સોરઠી બહારવટિયા'અને 'રાઢિયાળી રાત'તેના ઉત્તમ ઉદાહરણો છે. દુલા ભાયા કાગની'કાગવાણી'દ્વારા તેમણે લોકસાહિત્યને ભક્તિ અને નીતિમત્તા સાથે જોડ્યું. તોજોરાવરસિંહ જાદવેલોકકળા અને હુન્નરકળાને દસ્તાવેજી સ્વરૂપ આપ્યું.પુષ્કર ચંદરવાકરેભાલ અને લોકજીવનના સાહિત્ય પર તેમનું ઊંડું સંશોધન છે.

લોકસાહિત્યએ સમાજનો આત્મા છે. તેમાં સમાજની વ્યવસ્થા, માન્યતાઓ, રીતરિવાજો અને જ્ઞાનનો સમાવેશ થાય છે. ગુજરાતમાં લોકસાહિત્ય ગરબા-ડાંડિયા જેવા ઉત્સવો દ્વારા સંસ્કાર સિંચન કરે છે અને હાલરડાં દ્વારા લાગણીઓનું વહન કરે છે. આ

તત્ત્વો સમાજની એકતા અને સામૂહિક અસ્મિતાને મજબૂત બનાવે છે. ઉદાહરણ તરીકે, ગુજરાતના આદિવાસી સમુદાયોમાં ગીતો અને કથાઓ પ્રકૃતિ સાથેના સંબંધને વ્યક્ત કરે છે, જે પર્યાવરણીય જ્ઞાનને પણ સાચવે છે.ભારતીય સંદર્ભમાં, લોકસાહિત્ય સાંસ્કૃતિક વારસાને જીવંત રાખે છે. પંચતંત્ર અને હિતોપદેશ જેવી કથાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને નૈતિક મૂલ્યો શીખવે છે. ગુજરાતમાં ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યને સમાજના ઇતિહાસ અને સંસ્કૃતિના પ્રતિબિંબ તરીકે જોયું છે. તેમના પુસ્તકો જેમ કે "સૌરાષ્ટ્રની રસધાર"માં લોકકથાઓ અને ગીતોનું સંગ્રહ કરીને તેમણે ગુજરાતી લોકસાહિત્યને વિશ્વમાં પ્રસ્તુત કર્યું છે. લોકસાહિત્ય શિક્ષણમાં પણ મહત્વપૂર્ણ છે, કારણ કે તે બાળકોને પરંપરાગત જ્ઞાન અને મૂલ્યો શીખવે છે. તેમજ, તે સમાજમાં સામાજિક ન્યાય અને સમાનતાના વિચારોને પ્રોત્સાહન આપે છે. આમ, આ રીતે લોકસાહિત્યનું જતન અને સંવર્ધન કરવું આવશ્યક છે.

- સંદર્ભ સૂચિ


1) 'લોકસાહિત્યનું સમાલોચન' - ઝવેરચંદ મેઘાણી.

2) 'ગુજરાતી લોકસાહિત્ય' - ડૉ. હસુ યાજ્ઞિક.

3) 'લોકકળા અને લોકસાહિત્ય' - જોરાવરસિંહ જાદવ.

4) 'કાગવાણી' (ભાગ ૧ થી ૮) - દુલા ભાયા કાગ.

5) https://gujarativishwakosh.org/